# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 27-05-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day : WEDNESDAY** **National News**

## આકાશવાણી સમાચાર હિના મોદી વાંચે છે.

******************************************************

1) રાશન, પરિવહન અને વ્યવસ્થાપન સહાય માટેની સાર્થક-PDS યોજનાને યથાવત્ રાખવા કેન્દ્રીય મંત્રીમંડળની મંજૂરી.
2) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ દેશની ઉન્નતિ માટે ઉત્તર-પૂર્વ ક્ષેત્રના વિકાસને મહત્વનો ગણાવ્યો.
3) આસામ વિધાનસભામાં સમાન નાગરિક સંહિતા ખરડો પસાર.
4) ગુજરાતનાં કચ્છમાંથી એક હજાર 100 કરોડ રૂપિયાથી વધુની કિંમતનો કેફી પદાર્થ પકડાયો.
5) આતંકી પ્રવૃત્તિઓ પ્રાયોજિત કરવા બદલ ભારતની પાકિસ્તાનને કડક ચેતવણી.
6) IPL ટી-20 ક્રિકેટમાં સનરાઈઝર્સ હૈદરાબાદ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે ઍલિમિનેટર માટે મુકાબલો.

..............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# REV CABINET

કેન્દ્રીય મંત્રીમંડળની આર્થિક બાબતોની સમિતિએ આજે જાહેર વિતરણ પ્રણાલિ અંતર્ગત રાશન, પરિવહન અને વ્યવસ્થાપન સહાય યોજના, સાર્થક-PDSને યથાવત્ રાખવા મંજૂરી આપી છે. આ માટે કેન્દ્ર સરકાર દ્વારા 25 હજાર 530 કરોડ રૂપિયાની ફાળવણી કરાશે. નવી દિલ્હીમાં પત્રકારોને સંબોધતા કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું, આ યોજના રાજ્યની સંસ્થાઓને આંતર-રાજ્ય અનાજ પરિવહનમાં મદદ પૂરી પાડશે, વાજબી ભાવની દુકાનોને મદદરૂપ થશે અને જાહેર વિતરણ પ્રણાલિના આધુનિકીકરણમાં મદદ કરશે.

**(BYTE: ASHWINI VAISHNAW) ON PDS**

સમિતિએ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં અનાજના આંતર-રાજ્ય પરિવહન તેમજ સંચાલનના ખર્ચમાં કેન્દ્રીય સહાયના નિયમમાં ફેરફાર અને આ મામલે કેન્દ્રીય સહાય માટે વર્તમાન ભંડોળ વ્યવસ્થાને પણ યથાવત્ રાખવાનો નિર્ણય કર્યો હોવાનું શ્રી વૈષ્ણવે ઉમેર્યું.

# PREZ VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ કહ્યું, દેશની ઉન્નતિ માટે ઉત્તર-પૂર્વ ક્ષેત્રના વિકાસ ઘણો મહત્વનો છે. ગંગટોકમાં સિક્કિમ વિશ્વવિદ્યાલયના પદવીદાન સમારોહમાં સંબોધન દરમિયાન શિક્ષણને સશક્તિકરણનો માર્ગ ગણાવતાં સુશ્રી મુર્મૂએ વિદ્યાર્થીઓને તેમના વિચાર, નવિનતા અને પરસ્પર વિશ્વાસ થકી રાષ્ટ્રનિર્માણમાં સક્રિય ભૂમિકા નિભાવવા જણાવ્યું. રાષ્ટ્રપતિએ વિદ્યાર્થીઓને સમાજના નબળા વર્ગોના ઉત્થાનમાં પણ વિશેષ યોગદાન આપવા પણ અનુરોધ કર્યો.

**(BYTE: DROUPADI MURMU, PRESIDENT OF INDIA)**

# ASSAM UCC

આસામ વિધાનસભાએ આજે સમાન નાગરિક સંહિતા UCC ખરડો પસાર કર્યો. આ સાથે UCC ખરડો પસાર કરનારો આસામ ઉત્તર પૂર્વનું પહેલું અને દેશનું ત્રીજું રાજ્ય બન્યું છે.

તેનો ઉદ્દેશ લગ્ન, છૂટાછેડા, વારસો અને લિવ-ઇન સંબંધો સંબંધિત બાબતોમાં રાજ્યના લોકો માટે એક સમાન નાગરિક કાયદાકીય માળખું સ્થાપિત કરવાનો છે. આ ખરડો એક સમાન માળખા હેઠળ ધર્મ-આધારિત વ્યક્તિગત કાયદાઓનું એકીકરણ કરવાની પણ જોગવાઈ કરે છે.

ખરડો પસાર થયા પછી પત્રકારો સાથે વાત કરતા, મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ કહ્યું કે ખરડો હવે રાષ્ટ્રપતિની સંમતિ માટે રાજ્યપાલ પાસે મોકલવામાં આવશે. રાષ્ટ્રપતિની સંમતિ પછી, સમાન નાગરિક સંહિતા આસામમાં અમલમાં આવશે.

# CBI NEET UG

કેન્દ્રીય તપાસ સંસ્થા – C.B.I.-એ નીટ યુજી 2026 પ્રશ્નપત્ર ગેરરીતિ કેસમાં આજે મહારાષ્ટ્રના લાતૂરના એક તબીબ અને પુણેમાં ચાલતી 2 કૉચિંગ સંસ્થાના એક – એક શિક્ષક સહિત વધુ ત્રણ લોકોની ધરપકડ કરી. આ મામલે અત્યાર સુધી કુલ 13 લોકોની ધરપકડ કરવામાં આવી છે.

C.B.I.ના પ્રવક્તાએ કહ્યું, તપાસ સંસ્થાએ આ મામલે અત્યાર સુધી 49 સ્થળ પર દરોડા પાડી અનેક વાંધાજનક દસ્તાવેજ, લેપટોપ અને મોબાઈલ ફોન કબજે કર્યા છે.

# KUTCH DRUGS

ગુજરાત આતંકવાદ વિરોધી દળ -ATS અને તટરક્ષકે સંયુક્ત અભિયાન હેઠળ ગુજરાતનાં કચ્છમાંથી એક હજાર 100 કરોડ રૂપિયાથી વધુનો કેફી પદાર્થ કબજે કર્યો. મુંદરા બંદર તરફ આવતા એક જહાજમાં તપાસ કરતાં કેફી પદાર્થના 115 પેકેટ મળી આવ્યા. આ અંગે ગુજરાતનાં રાજ્ય પોલીસ વડા – DGP ડૉક્ટર કે એલ એન રાવે આ અંગે કહ્યું, આ મામલે તપાસ ટીમે કુલ ત્રણ લોકોને ઝડપી પૂછપરછ શરૂ કરી છે.

**(BYTE: K.L.N RAO, DGP)**

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

# UN INDIA PAK

સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના કાયમી પ્રતિનિધિ પર્વતનેની હરીશે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં પાકિસ્તાનની આકરી ટીકા કરી. તેમણે પાકિસ્તાન પર સરહદ પારથી આતંકવાદ ફેલાવવાનો આક્ષેપ લગાવ્યો અને ચેતવણી આપતા કહ્યું, ભારત વિરુદ્ધ આતંકી પ્રવૃત્તિઓને પ્રાયોજિત કરવા પાકિસ્તાને પરિણામ ભોગવવું પડશે.

શ્રી હરીશે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટરના ઉદ્દેશો અને સિદ્ધાંતોને જાળવી રાખવા તથા સંયુક્ત રાષ્ટ્ર કેન્દ્રીત આંતર-રાષ્ટ્રીય વ્યવસ્થાને મજબૂત કરવાના વિષય પર થયેલી ચર્ચા દરમિયાન આ ટિપ્પણી કરી હતી.

(BYTE: P. HARISH)

# CCPA NOTICE E COMMERCE

કેન્દ્રીય ગ્રાહક સંરક્ષણ સત્તામંડળે ડિજિટલ મંચ પર જોખમી રસાયણો અને વિસ્ફોટક પદાર્થના અનધિકૃત ઑનલાઈન વેચાણ અને જાહેરાત વિરુદ્ધ નિયમનકારી કાર્યવાહી શરૂ કરી છે. આ મામલે એમોનિયમ નાઈટ્રેટ, ગન પાઉડર, પિક્રિક એસિડ અને પેન્ટા-એરીથ્રિટોલ ટેટ્રાનિટ્રેટ સહિત નિયમન કરાયેલા પદાર્થોની યાદી અને વેચાણ મામલે મુખ્ય ઇ-કૉમર્સ મંચને નોટિસ અપાઈ છે.

ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયે જણાવ્યું, આ કાર્યવાહીઓ બાદ ઘણા ઑનલાઈન મંચ અને સંસ્થાઓએ જોખમી રસાયણો અને વિસ્ફોટક પદાર્થો સંબંધિત યાદીઓને હટાવવાનું શરૂ કરી દીધું છે.

# SHOOTER PASSES AWAY

પ્રખ્યાત નિશાનેબાજ અને રમતગમત પ્રશાસક રાજા રણધિર સિંહનું 79 વર્ષની વયે અવસાન થયું. એશિયન રમતોમાં સુવર્ણ ચંદ્રક વિજેતા અને પૂર્વ અર્જૂન પુરસ્કાર વિજેતા શ્રી સિંહે તેમની કારકિર્દીમાં પાંચ વખત ઑલિમ્પિકમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

તેઓ ભારતીય ઑલિમ્પિક સંઘના પૂર્વ મહાસચિવની સાથેસાથે ભારતીય અને આંતર-રાષ્ટ્રીય રમતગમત વહીવટી તંત્રમાં અનેક મહત્વના પદ પણ રહ્યા હતા. ભારતીય રાષ્ટ્રીય રાઈફલ સંઘે તેમના અવસાન અંગે સંવેદના વ્યક્ત કરતા શ્રી સિંહને ભારતના સૌથી સન્માનિત રમતગમત પ્રશાસકોમાંથી એક તરીકે યાદ કર્યા છે.

# IPL CRICKET

ઇન્ડિયન પ્રીમિયર લીગ – IPL ટી-20 ક્રિકેટમાં આજે સનરાઈઝર્સ હૈદરાબાદ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે એલિમિનેટર માટે મુકાબલો થઈ રહ્યો છે. મોહાલીના ન્યૂ ચંદીગઢમાં રમાઈ રહેલી મેચમાં પેટ કમિન્સની આગેવાની હેઠળની હૈદરાબાદની ટીમે ટોસ જીતીને બોલિંગ પસંદ કરી છે.

હાલમાં મળતા અહેવાલ મુજબ, રિયાન પરાગની આગેવાની હેઠળની રાજસ્થાનની ટીમે 04 ઑવરમાં શૂન્ય વિકેટ ગુમાવી 63 રન કર્યા છે.

આજે વિજયી થનારી ટીમ આ શુક્રવારે ક્વાલિફાયર-બે-માં ગુજરાત ટાઈટન્સ સામે ટકરાશે. જ્યારે આગામી 31 તારીખે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ફાઈનલ મેચ રમાશે.

આ પહેલા ગઈકાલે રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુએ ક્વાલિફાયર એક મેચમાં ગુજરાત ટાઈટન્સને 92 રનથી હરાવી ફાઈનલમાં જગ્યા બનાવી છે.